# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 01-06-2024** **Evening : 7.50 to 8.00**
**Day : SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિશા શ્રીમાળી** વાંચે છે.

---

- ✓ લોકસભા ચૂંટણીના અંતિમ તબક્કા માટે આજે સાત રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠક માટે સરેરાશ 59.01 ટકા મતદાન થયું.
- ✓ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે 370થી વધુ તો ઇન્ડિ ગઠબંધને 295 થી વધુ બેઠક જીતવાનો દાવો કર્યો
- ✓ સર્વોચ્ચ અદાલતના નિર્ણય મુજબ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આવતીકાલે આત્મસમર્પણ કરવું પડશે.
- ✓ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પૂર્વોત્તર ભાગોમાં રેમલ વાવાઝોડાથી થયેલા નુકસાન અંગે શોક વ્યક્ત કર્યો.
- ✓ દેશના ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભાગોમાં મહત્તમ તાપમાન એકથી ત્રણ ડિગ્રી ઘટવાની આગાહી.
- ✓ ભારતના એન.શ્રીરામ બાલાજી મેક્સિકોના સાથી ખેલાડી સાથે મળી ફ્રેન્ચ ઓપન ટેનિસમાં ત્રીજા રાઉન્ડમાં પ્રવેશ કર્યો.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# 7TH PHASE VOTING

લોકસભા ચૂંટણીના સાતમા અને અંતિમ તબક્કા માટે આજે 7 રાજ્ય અને એક કેન્દ્રશાસિત પ્રદેશની કુલ 57 બેઠક માટે સરેરાશ 59.01 ટકા મતદાન નોંધાયું. આજે સૌથી વધારે 69.89 ટકા મતદાન પશ્ચિમ બંગાળમાં, તો સૌથી ઓછું 49.35 ટકા મતદાન બિહાર રાજ્યમાં નોંધાયું. જ્યારે ઉત્તરપ્રદેશમાં 55.55, પંજાબમાં 55.65, ઓડિશામાં 62.76, ચંદીગઢમાં 62.80, હિમાચલ પ્રદેશ 67.07 અને ઝારખંડમાં 68.72 ટકા સરેરાશ મતદાન નોંધાયું.

આજે ઉત્તરપ્રદેશ અને પંજાબની 13, પશ્ચિમ બંગાળની 9, બિહારની 8, ઓડિશાની 6, હિમાચલ પ્રદેશની 4, ઝારખંડની ત્રણ અને કેન્દ્રશાસિત પ્રદેશ ચંદીગઢની એક એમ કુલ 57 બેઠક માટે મતદારોએ મતદાન કર્યું.

આજે પ્રધાનમંત્રી અને ભાજપના વરિષ્ઠ નેતા નરેન્દ્ર મોદી, કેન્દ્રીય મંત્રી અનુરાગસિંહ ઠાકુર, ભાજપના વરિષ્ઠ નેતા રવિશંકર પ્રસાદ, અભિનેત્રી કંગના રણૌત, અભિનેતા રવિ કિશન, કોંગ્રેસના નેતાઓ મનિષ તિવારી અને વિક્રમાદિત્ય સિંહ, રાષ્ટ્રીય જનતાદળના નેતા મિસા ભારતી અને તૃણમુલ કોંગ્રેસના નેતા અભિષેક બેનરજીનું ભાવિ ઇવીએમમાં કેદ થયું છે.

આ સાથે લોકસભા મતદાનની પ્રક્રિયાનો અંત આવ્યો અને હવે 4 જૂને પરિણામ જાહેર થશે.

................

# BJP--NADDA-POLLS

ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે. પી. નડ્ડાએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે, લોકસભા ચૂંટણીમાં તેમની પાર્ટી 370થી વધુ બેઠક જીતશે અને **રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધન 400થી વધુ બેઠક સાથે વિજયી બનશે. તેમણે સંવાદાતાઓને કહ્યું કે, દેશના લોકો તૃષ્ટિકરણ, ભાઈ-ભત્રીજાવાદ અને ભ્રષ્ટાચારની રાજનીતિને નકારશે. તેમ જ સશક્ત, વિકસિત અને આત્મનિર્ભર ભારતને તેમનું સમર્થન આપશે.**

**શ્રી નડ્ડાએ ચૂંટણી દરમિયાન ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓ અને રાષ્ટ્રીય લોકતાંત્રિક ગઠબંધનના સહયોગી પક્ષના પરિશ્રમના પણ વખાણ કર્યા. તેમણે યોગ્ય વ્યવસ્થાની સાથે ચૂંટણી કરાવવા બદલ ચૂંટણી પંચનો પણ આભાર માન્યો હતો.**

.................

# INDI BETHAK -1

ઈન્ડી ગઠબંધને મંગળવારે લોકસભા ચૂંટણી માટે યોજાનારી મતગણતરી પહેલાં કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેના નવી દિલ્હીના નિવાસસ્થાને આજે બેઠક યોજી હતી. ઈન્ડી ગઠબંધને વિશ્વાસ વ્યક્ત કર્યો કે, ગઠબંધન 295થી વધુ બેઠક જીતશે.

પત્રકારો સાથેની વાતચીતમાં કૉંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જૂન ખડગેએ કહ્યું કે, તેમણે ચૂંટણી અને આગામી પડકારો સહિત ઘણા મુદ્દાઓ પર ચર્ચા કરી. તેમણે આજે સાંજે ટેલિવિઝન માધ્યમો પર લોકસભા એક્ઝિટ પૉલની ચર્ચાઓમાં ભાગ લેવાનો નિર્ણય કર્યો છે.

ઈન્ડી ગઠબંધનની બેઠક બાદ દિલ્હીના મુખ્યમંત્રી  અરવિંદ કેજરીવાલે ઈન્ડી ગઠબંધન કેન્દ્રમાં સરકાર બનાવવા જઈ રહ્યું હોવાનો દાવો કર્યો છે. જ્યારે સમાજવાદી પાર્ટીના અધ્યક્ષ અખિલેશ યાદવે ઈન્ડી ગઠબંધન ઉત્તરપ્રદેશમાં લોકસભાની મોટાભાગની બેઠક જીતવાનો દાવો કર્યો છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ બેઠકમાં ઈન્ડી ગઠબંધનના અગ્રણી નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

-----------------

## ARVIND KEJRIWAL JAMIN

દિલ્હીની રાઉસ એવન્યુ અદાલતે દિલ્હી આબકારી કૌભાંડ કેસમાં દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની નિયમિત અને વચગાળાની જામીન અરજી પર સુનાવણી કરતા ચુકાદો અનામત રાખ્યો છે. વિશેષ ન્યાયાધીશ કાવેરી બાવેજા હવે આગામી પાંચમી જૂને ચુકાદો સંભળાવવાનો આદેશ આપ્યો છે.

અદાલતના આ નિર્ણયનો અર્થ એ કે, શ્રી કેજરીવાલે આવતીકાલે બીજી જૂને આત્મસમર્પણ કરવું પડશે. પ્રવર્તમાન નિદેશાલય તરફથી સોલિસિટર જનરલ તુષાર મેહતા અને S.S.G. એસ. વી. રાજૂ અને શ્રી કેજરીવાલ તરફથી વરિષ્ઠ વકીલ એન. હરિહરન અદાલતમાં ઉપસ્થિત રહ્યા હતા. સુનાવણી શરૂ થતાં જ સોલિસિટર જનરલ તુષાર મેહતાએ કહ્યું કે, શું અરવિંદ કેજરીવાલ આત્મસમર્પણ કરશે. જ્યારે શ્રી કેજરીવાલે પત્રકાર પરિષદ યોજી કહ્યું કે, તેઓ બીજી જૂને જાતે ત્રણ વાગ્યે આત્મસમર્પણ કરશે. શ્રી કેજરીવાલે પોતાની પત્રકાર પરિષદમાં ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કર્યો છે. તેઓ જાતે આત્મસમર્પણ નથી કરી રહ્યા, પરંતુ તેઓ તો સર્વોચ્ચ અદાલતના નિર્ણય અનુસાર આત્મસમર્પણ કરી રહ્યા છે.

. . . . . . . . . . . . .

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરી શકો છો...

. . . . . . . . . . . . . .

# PREZ – VP - REMAL CYCLONE

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ અને ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આજે પશ્ચિમ બંગાળ અને તેલંગાણા સહિત દેશના પૂર્વોત્તર ભાગોમાં રેમલ વાવાઝોડાથી થયેલા નુકસાન અંગે શોક વ્યક્ત કર્યો છે. સામાજિક માધ્યમમાં એક પોસ્ટમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ કહ્યું કે, રેમલ વાવાઝોડાના કારણે થયેલા નુકસાન અને મોટી સંખ્યામાં લોકોના વિસ્થાપનને સાંભળીને દુઃખ થયું. રાષ્ટ્રપતિએ કહ્યું કે, દેશ આ કુદરતી આફતથી અસરગ્રસ્ત લોકોની સાથે ઊભો છે. તેમણે રાહત અને બચાવના પ્રયાસોની સફળતાના વખાણ કર્યા અને સ્થિતિ ઝડપથી સામાન્ય થઈ જવાની આશા પણ વ્યક્ત કરી હતી.

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે આ કુદરતી આફતમાં શોકગ્રસ્ત પરિવારજનો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સ્થિતિ સામાન્ય થવાની પ્રાર્થના કરી હતી.

....................................

# WEATHER

દેશના ઉત્તર પશ્ચિમ અને મધ્ય ભાગોમાં ગરમીમાંથી રાહત મળવાનું અનુમાન છે. હવામાન વિભાગે જણાવ્યું કે, આ વિસ્તારમાં મહત્તમ તાપમાનમાં એકથી ત્રણ

ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. જોકે, પંજાબ, હરિયાણા, દિલ્હી, રાજસ્થાન અને મધ્યપ્રદેશના કેટલાક ભાગો તથા ઓડિશા, બિહાર અને ઝારખંડમાં ગરમ પવન યથાવત્ રહેશે.

હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડૉ. આર. કે. જેનામણિએ આકાશવાણી સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું કે, પંજાબ, હરિયાણા અને ઉત્તરપ્રદેશ માટે ઑરેન્ટ એલર્ટ જાહેર કરવામાં આવી છે. અહીં તાપમાન 44થી 46 ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેશે. શ્રી જેનામણિએ કહ્યું કે, પશ્ચિમી વિક્ષોભથી આગામી કેટલાક દિવસોમાં રાહત મળી શકે છે. તેમણે કહ્યું કે, આજે દેશના ઉત્તર પશ્ચિમ ભાગોમાં ગાજવીજ સાથે વાવાઝોડું અને વરસાદની પણ આગાહી છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, દ્વીપકલ્પના વિસ્તારોમાં મુખ્ય રીતે કર્ણાટક અને કેરળના કેટલાક ભાગો, તમિલનાડુ અને રાયલસીનાના કેટલાક ભાગોમાં દક્ષિણ પશ્ચિમ ચોમાસું પહોંચવાની સ્થિતિ વધુ સારી બનશે.

.................

## IMD MUNGESHPUR

હવામાન વિભાગે જણાવ્યું કે, 29 મેએ સ્વચાલિત હવામાન પ્રણાલી A.W.S. દ્વારા નવી દિલ્હીના મુંગેશપુરમાં નોંધાયેલા 52.9 ડિગ્રી સેલ્સિયસ મહત્તમ તાપમાન સાચું નહતું. હવામાન વિભાગે એક નિવેદનમાં કહ્યું કે, આ ભૂલ પ્રણાલીનું સેન્સર યોગ્ય રીતે કામ ન કર્યું તેના કારણે થઈ છે. મુંગેશપુરની સ્વચાલિત હવામાન

પ્રણાલીનું તાપમાન સેન્સર પ્રમાણભૂત ઉપકરણ દ્વારા નોંધવામાં આવેલા મહત્તમ તાપમાનથી ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધુ નોંધાતું હોવાનું જાણવા મળ્યું છે.

હવામાન વિભાગે જણાવ્યું કે, સ્વચાલિત હવામાન પ્રણાલીમાં આ પ્રકારની ભૂલને ફરી થતી રોકવા માટે આવશ્યક પગલા લેવામાં આવી રહ્યા છે. હવામાન વિભાગે ઉંમેર્યું કે, મુંગેશપુરમાં નોંધાયેલા આવા તાપમાનની તપાસ અને સમીક્ષા નિષ્ણાતોની એક સમિતિએ કરી. હવામાન વિભાગના નિષ્ણાતોની ટુકડીએ મુંગેશપુરમાં નોંધાયેલા તાપમાનની પ્રામાણિકતાની તપાસ તે સ્થાનના પ્રમાણભૂત ઉપકરણ સાથે સરખામણી કરીને કરવામાં આવી.

કેન્દ્રિય પૃથ્વી વિજ્ઞાન મંત્રી કિરેન રિજિજૂએ એક ટ્વિટમાં કહ્યું કે, મુંગેશપુરની સ્વચાલિત હવામાન પ્રણાલી દ્વારા નોંધવામાં આવેલા 52.9 ડિગ્રી સેલ્સિયસથી વધુના તાપમાનની તપાસ નિષ્ણાતોની એક સમિતિએ કરી. તેમણે સેન્સર દ્વારા નોંધાયેલા ત્રણ ડિગ્રી સેલ્સિયસ વધારાના તાપમાનની ભૂલની પુષ્ટિ કરી.

.................

## UTTARAKHAND PHOOLO NI KHEEN

ઉત્તરાખંડના ચમોલી જિલ્લામાં આવેલા વિશ્વ ધરોહર સ્થળ ફૂલોની ખીણ આજથી પર્યટકો માટે ખૂલ્લી મુકવામાં આવી છે. 48 પર્યટકોનો પહેલો સમૂહ આજે સવારે આઠ વાગ્યે ઘાંગરિયાથી ફૂલોની ખીણ માટે રવાના થયો હતો.

નંદા દેવી રાષ્ટ્રીય ઉદ્યાનના વન અધિકારી બી. બી. મટરોલિયાએ જણાવ્યું કે, ખીણ સુધી પહોંચવાનો ટ્રેકિંગ ખર્ચ ભારતીય નાગરિકો માટે 200 રૂપિયા અને વિદેશી નાગરિકો માટે 800 રૂપિયા રાખવામાં આવ્યો છે. દરિયાની સપાટીથી લગભગ 12

હજાર ૧૧5 ફૂટ ઊંચાઈએ આવેલી આ ખીણ ત્રણ વર્ગ કિલોમીટર વિસ્તારમાં પ્રસરાયેલી છે. પર્યટકો માટે ફૂલોની ખીણ 30 ઑક્ટોબર સુધી ખૂલ્લી રહેશે.

.................

## FRENCH OPEN TENNIS

ટેનિસમાં ભારતના એન. શ્રીરામ બાલાજી અને તેમના સાથી મેક્સિકોના મિગુએલ એન્જલ રેયેસ-વરેલા આજે ફ્રાન્સના પેરિસમાં ફ્રેન્ચ ઓપન ટેનિસમાં મેન્સ ડબલ્સના ત્રીજા રાઉન્ડમાં આગળ વધી ગયા છે. ઈન્ડો-મેક્સિકન જોડીએ ફ્રેન્ચની ડેન એડેડ અને થિયો એરિબેજની જોડીને બીજા રાઉન્ડમાં 6—4, 3—6, 6—2થી હરાવી હતી. ગ્રાન્ડ સ્લેમમાં શ્રીરામનો આ પ્રથમ ત્રીજો રાઉન્ડ છે.

દરમિયાન બીજા ક્રમાંકિત ભારતના રોહન બોપન્ના અને મેથ્યુ એબ્ડેન આજે સાંજે મેન્સ ડબલ્સના પ્રથમ રાઉન્ડમાં બ્રાઝિલના માર્સેલો જોર્મન અને ઓર્લાન્ડો લુઝ સામે રમશે.

. . . . . . . . . . . . . . . . . .

## PUNJAB F.I.R.

પંજાબમાં ચૂંટણી પંચના નિર્દેશના ઉલ્લંઘન બદલ ફિરોઝપુર મતવિસ્તારથી બહુજન સમાજ પાર્ટીના ઉમેદવાર સુરેન્દ્રસિંહ કમ્બોજ સામે પ્રથમ માહિતી અહેવાલ નોંધવામાં આવ્યો છે. ગુરૂહર સહાય વિધાનસભા મતવિસ્તાર અંતર્ગત જીવા અરઈ ગામમાં મતદાન કરતા સમયે વીડિયો રેકોર્ડિંગ કરવા બદલ આ પ્રથમ માહિતી અહેવાલ નોંધવામાં આવી છે.

સામાજિક માધ્યમ ઉપર આ વીડિયો વહેતો થયા પછી સુરેન્દ્ર કમ્બોજ અને અન્ય એક અજાણ્યા વ્યક્તિ સામે કેસ નોંધવામાં આવ્યો છે.

.................